# GUJARAT TECHNOLOGICAL UNIVERSITY
(Established Under Gujarat Act No.: 20 of 2007)
# ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી
(ગુજરાત અધિનિયમ ક્રમાંક : ૨૦/૨૦૦૭ દ્વારા સ્થાપિત)


**Ref. :** જીટીયુ/પરિપત્ર/એકેડેમિક/યુનિવર્સલ/૨૦૧૭/૫૦૬૫ **Date : 18/07/2017**

**વંચાણે લીધાં : ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીની તા. ૧૫/૭/૨૦૧૭ ની મંજૂર થયેલ નોંધ**

**પરિપત્ર :**

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી (જી.ટી.યુ.) સંલગ્ન યુનિવર્સલ કોલેજ ઑફ એન્જિનિયરીંગ એન્ડ ટેકનોલોજી, મોટી ભોયાન, જિ. ગાંધીનગર (ડિગ્રી/ડિપ્લોમા) ના ગત વર્ષો દરમ્યાન પ્રવેશ પામેલ બધા જ વિદ્યાર્થીઓને અન્ય ડિગ્રી/ડિપ્લોમા ઈજનેરી કોલેજોમાં ટ્રાન્સફર કરવાના નિર્ણય કરવામાં આવેલ છે.

જે કોઈ સંલગ્ન સંસ્થા ઉપર દર્શાવેલ યુનિવર્સલ કોલેજના વિદ્યાર્થીઓને પોતાની કોલેજની ખાલી જગ્યાઓ ઉપર સમાવવા ઈચ્છતા હોય તો, તેવી સંસ્થાઓએ જી.ટી.યુ.ને તા. ૨૪/૭/૨૦૧૭ ના રોજ સાંજે ૬-૦૦ કલાક સુધીમાં ડિગ્રી/ડિપ્લોમા ઈજનેરી અભ્યાસક્રમની આ સાથે સામેલ પત્રકમાં દર્શાવેલ બ્રાંચ અનુસાર કોલેજ ખાતેની ખાલી રહેલ બેઠકોની માહિતી જણાવવાની રહેશે. સદર ખાલી રહેતી બેઠકોની ગણતરી વખતે આપના દ્વારા યુનિવર્સિટીની તાજેતરની સ્ટુડન્ટ ટ્રાન્સફરની પ્રક્રિયા અન્વયે અપાયેલ એન.ઓ.સી. તથા એ.સી.પી.સી.ના ડી ટુ ડી/સી ટુ ડી પ્રવેશ પ્રક્રિયા માટેની જગ્યાઓને બાદ કર્યા બાદ જ ચોખ્ખી ખાલી રહેતી જગ્યાઓની વિગત સામેલ રાખેલ નિયત નમૂનામાં દર્શાવવાની રહેશે, અને **inst_transfer@gtu.edu.in** પર ઈ-મેઈલ મોકલવાની રહેશે.

યુનિવર્સલ કોલેજના વિદ્યાર્થીઓએ નવી સંસ્થામાં પ્રવેશ માટેની ફી વધુ હોય તો, ફી નિયમન સમિતિ દ્વારા યુનિવર્સલ કોલેજ માટે નિર્ધારિત ટ્યુશન ફી ભરવાની રહેશે. જો નવી સંસ્થાની ટ્યુશન ફી યુનિવર્સલ કોલેજ કરતાં ઓછી હશે તો, આ સંજોગોમાં યુનિવર્સલ કોલેજના વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવેલ સંસ્થા માટે ફી નિયમન સમિતિ દ્વારા નિર્ધારિત ટ્યુશન ફી ભરવાની રહેશે. TFW વિદ્યાર્થીઓના કેસમાં જે તે સંસ્થાએ સદર વિદ્યાર્થીને TFW ગણવાના રહેશે અને તે સંસ્થા વિદ્યાર્થી પાસેથી ટ્યુશન ફી વસૂલ કરી શકશે નહિં.

જે સંસ્થા દ્વારા વિદ્યાર્થીઓને સ્વિકારવા હોય તેમણે એ.આઈ.સી.ટી.ઈ. દ્વારા માન્ય થયેલ ઈનટેક કરતાં વિદ્યાર્થીઓની સંખ્યા વધતી નથી તે બાબતની બાહેંધરી આપવાની રહેશે. ટ્રાન્સફર કરવા માટે જી.ટી.યુ. દ્વારા 'કાઉન્સેલિંગ' સેશન હાથ ધરવામાં આવશે અને વિદ્યાર્થીને તેમના આજ સુધી મેળવેલ CPI મુજબ અન્ય કોલેજમાં ખાલી રહેલ જગ્યા ઉપર પસંદગી કરવાની રહેશે.

**S/d**
**કુલસચિવ**

પ્રતિ

૧. નિયામકશ્રી, ટેકનીકલ શિક્ષણ નિયામકની કચેરી, બ્લોક નં. ૨, છઠ્ઠો માળ, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર.
૨. ચેરિટિ કમિશ્નરશ્રી, ચેરિટિ કમિશ્નરની કચેરી, મીરઝાપુર, અમદાવાદ.
૩. યુનિવર્સલ કોલેજ ઑફ એન્જિનિયરીંગ એન્ડ ટેકનોલોજી (ડિગ્રી/ડિપ્લોમા), મોટી ભોયાન, જિ. ગાંધીનગર ખાતે ગત વર્ષો દરમ્યાન પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ
૪. સંલગ્ન ડિગ્રી/ડિપ્લોમા ઈજનેરી કોલેજોના આચાર્યશ્રી/ટ્રસ્ટીશ્રીઓ




**Chandkheda** : Nr. Campus of Vishwakarma Government Engineering College, Sabarmati-Koba Highway, Nr. Visat Three Roads, Chandkheda, Ahmedabad - 382 424, Gujarat, India. Ph. : 079 - 232 67 500
**Ahmedabad** : 2nd Floor, ACPC Building, L.D. College of Engineering Campus, Navrangpura, Ahmedabad, (Gujarat) India - 380 015. Phone : + 91 - 79 - 26 300 499 / 599 Fax : +91 - 79 - 26 30 1500
**Gandhinagar** : K-6 Circle, E-4, Electronic Estate, G.I.D.C., Nr. Government Polytechnic, Sector-26, Gandhinagar - 382 028, Gujarat.
**e-mail : info@gtu.ac.in URL : www.gtu.ac.in**